# પાંથાવાડામાં સર્વ ફીડરમાં છેલ્લા ૨૪ કલાકથી વીજળી ગુલ !

દાંતીવાડા તાલુકાના પાથાવાડા માં આવેલ સર્વ ફીડર માં છેલ્લા ૨૪ કલાકથી વીજળી ગુલ છે આ ફીડર મુશ્કેલીઓ ભોગવવી પડી રહી છે તેવું ખેડુતો દ્વારા જણાવેલ તેમજ પાથાવાડા ના દિનેશભાઈ માળી ભારતીય આવતા નથી અને કોઈજ પ્રકારનો જવાબ આપવા માં આવતો નથી જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી



માં અંદાજીત ૪ ગામો આવે છે તેમજ વિદ્યુત લાઈટ ના હોવાથી ખેડૂતો ને ભારે હાલાકી સહન કરવી પડી રહી છે તેમજ પ્રાણીઓને પાણી ક્યાંથી પીવડાવવું તેમજ બીજી પણ ઘણી જનતા પાર્ટી યુવા મોરચા ના કાર્યકર્તા દ્વારા જણાવેલ કે વિદ્યુતબોર્ડ ના અધિકારીઓ ને અનેક વાર ટેલિફોનિક કોન્ટેકટ કરવામાં આવેલ પરંતુ અમારા ફોન પણ ઉપાડવામાં રહ્યો છે તેમજ લોકમાંગ ઉઠવા પામી છે કે વિદ્યુબોર્ડ ના અધિકારીઓ તાબડતોડ અમારા પ્રશ્નનો ઉકેલ લાવે અને અમને વિદ્યુતલાઈટ ની સેવા આપવામાં આવે.

## મોડાસામાં ક્ષત્રિય-ઠાકોર સેનાએ

# ખેડૂતોનુ દેવુ માફ કરવા રેલી યોજી

### દેવુ માફ નહિ થાય તો ૮ જુલાઈ ૨૦૧૭થી અલ્પેશ ઠાકોરની આગેવાની હેઠળ ભુખ હડતાળ પર ઉતરવાની ચીમકી

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર ખાતે શનિવારના રોજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને ઓ.એમ.એસ. એકતા મંચ દ્વારા ગુજરાતમાં ખેડૂતોના દેવા માફ કરવાની માંગ સાથે વરસતા કર્યા હતા. અને આગામી ૮ જુલાઈથી ખુભ હડતાળ પર ખેડૂતોના દેવા માફી યોજના નહિ લવાય તો ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી.

મોડાસા બસસ્ટેન્ડથી શનિવારે બપોરે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના તેઓએ જણાવ્યુ હતુ કે ખેડૂતોના દેવા માફ કરવામાં આવે, સિંચાઈ માટે મફત પાણીની વ્યવસ્થા, સજીવ ખેતી પ્રોત્સાહન માટે મફત ખાતર વિતરણ, કાયમી કૃષિ નિતીનુ અમલીકરણ, ટેકાના ભાવ નક્કિ કરવા સમિતિની રચના કરવી આવી મામલતદારને પણ આવેદનપત્ર આપ્યુ હતુ. વધુમાં તેઓએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે જો તા. ૭ જુલાઈ ૨૦૧૭ સુધીમાં ખેડૂતોનુ દેવુ માફ નહિ કરવામાં આવે તો તા. ૮ જુલાઈ ૨૦૧૭થી ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરની માટે પ્રયાણ કરી રહ્યા છે અને ગામો ખાલી થઈ રહ્યા છે અને પરિવારો જીવન નિર્વાહ ચલાવવા જમીન હોવા છતા શહેરો તરફ પ્રયાણ કરતા અસ્તવ્યસ્ત થઈ રહ્યા છે. ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની સરકારો દ્વારા ત્યાંના ખેડૂતોનુ દેવુ માફ કરવામાં આવ્યુ





વરસાદમાં મોડાસા બસસ્ટેન્ડથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી રેલી યોજી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ અને મામલતદારને લેખીતમાં આવેદનપત્ર આપી ખેડૂતોના દેવા માફ કરવા સૂત્રોચ્ચાર અને ઓ.એમ.એસ. એકતા મંચ દ્વારા સરકારની ખેડૂત વિરોધી નીતિ અને ખેડૂતોના દેવા માફ કરવાના સૂત્રોચ્ચાર સાથે રેલી યોજી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર આપ્યુ હતુ. આવેદનમાં તમામ માંગણી સરકાર સુધી પહોંચાડવા અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોર તેમજ ઠાકોર સેનાના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહી આવેદનપત્ર પાઠવ્યુ હતુ. તદ ઉપરાંત મોડાસા આગેવાની હેઠળ ભુખ હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી.

સંજયજી ઠાકોરના જણાવ્યા મુજબ ખેતીમાં નિષ્ફળતા મળતા ખેતીની સમસ્યાથી ત્રસ્ત ગામના યવાન ખેડૂતો શહેરો તરફ રોજગારી છે તેજ રીતે ખેડૂતો માટે ગુજરાત સરકાર પણ દેવા માફીની યોજના લાવે તે ખૂબ જ જરૂરી છે. ખેડૂતોની હાલત દયનિય અને પરિવારનુ ભરણપોષણ કરવાના રીતસરની મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# અરવલ્લી જિલ્લામાં અપુરતા સીએનજી પંપથી વાહનચાલકોને ભારે હાલાકી

અરવલ્લી, તા. ૧

અરવલ્લી જિલ્લામાં વધતા જતા સીએનજી વાહનો વચ્ચે અપુરતા પંપ હોવાથી વાહનચાલકોને પારાવાર પરેશાની ભોગવવી પડતી હોય છે. સીએનજી પંપો પર બે કલાકથી ઉપર ઉભા રહ્યા પછી ગાડીમાં ગેસ ભરાવવા નંબર આવતો હોય છે. જેના કારણે વાહનચાલકોના સમયનો વ્યય થાય છે. અને નોકરીયાત તથા ધંધાર્થી માટે તકલીફો ઉભી થાય છે. આ અંગે તંત્ર દ્વારા તાકીદે જરૂરી સ્થળો ખાસ કરીને મોડાસામાં નવા સીએનજી ઓનલાઈન પંપની મંજુરી આપવામાં આવે તેવી માંગણી પ્રબળ બનેલ છે.

અરવલ્લી જિલ્લામાં સીએનજી વાહનોની સંખ્યા દિનપ્રતિદિન વધારો થયો છે. જેની સામે સીએનજી પંપોની સંખ્યા બિલકુલ અપુરતી છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં એક માત્ર સીએનજી પંપ આવેલો છે. જેના કારણે સરકારી કામકાજ અર્થે આવતા સીએનજી વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. લાંબી લાંબી કતારો થાય છે. જેના કારણે નાના મોટા ઝઘડાઓ થતા હોય છે. આ અંગે તંત્ર દ્વારા નવા સીએનજી પંપો મંજુર થાય તેવી લોકલાગણી પ્રબળ બનેલ છે.

# મોડાસા પંથકમાં ત્રીજા દિવસે મેઘમહેર યથાવત

અરવલ્લી, તા. ૧

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા પંથકમાં છેલ્લા ત્રણ દિવસથી ધીમી ધારે મેઘરાજા પોતાની મહેર વરસાવી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં મોડાસા સહિત સમગ્ર પંથકમાં વરસાદી ભારે ઝાપટા સાથે ઝરમર ઝરમર વરસાદ વરસતા જિલ્લામાં કુલ ૪૧૬ એમ.એમ. નોંધાતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. તેમજ સતત ઝરમરતા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી હળવાથી અતિભારે વરસાદ નોંધાયો છે. સમગ્ર જિલ્લામાં સરેરાશ અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સમગ્ર જિલ્લામાં ઝરમર ઉતરવાના કારણે ચોમાસુ પાકને ફાયદો થશે તેવી આશા ધરતીપુત્રોને લાગતા જગતના તાતમાં આનંદની



વરસાદી ઝાપટા અને વાદળોના આવન-જાવન વચ્ચે મેઘરાજા ધીમીધારે વરસી રહ્યા છે અને તમામ તાલુકાઓમાં ૨૪ કલાકમાં વરસાદ પડતા વાતાવરણ આહલાદક બન્યુ હતુ. મોડાસામાં ૨૦ એમ.એમ., ભિલોડામાં ૭ એમ.એમ., ધનસુરામાં ૧૨ એમ.એમ., મેઘરજમાં ૧૦ એમ.એમ., માલપુરમાં ૭ એમ.એમ. અને બાયડ તાલુકામાં ૨ એમ.એમ. વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા છેલ્લા કેટલાય દિવસથી અસહ્ય ગરમીથી ત્રાસેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. મોડાસા શહેરમાં સતત વરસતા ઝરમર વરસાદમાં લોકોએ ભીંજાવાનો આનંદ લીધો હતો. શહેરના માર્ગો પર ખાબોચીયા ભરાયા હતા.

ધીમી ધારે અને ઝરમર ઝરમર વરસાદનુ પાણી જમીનમાં લાગણી પ્રસરી જવા પામી છે. ત્રણ દિવસથી સતત મેઘાવી માહોલ રહેતા અને વરસાદ વરસતા વરસાદને લઈને લોકોએ માળીયામાં મુકી રાખેલા રેઈનકોટ અને છત્રીઓ બહાર કાઢી તેનો ઉપયોગ શરૂ કરવાની ફરજ પડી છે. આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદ ખાબકશે તેવી હવામાન વિભાગના સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

# મહેસાણા જિલ્લા સહકારી સંઘની કામચલાઉ મતદારયાદી જાહેરનામું પ્રસિધ્ધ કરાયું

મહેસાણા, તા.૧

મહેસાણા જિલ્લા સહકારી સંઘ મહેસાણા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી યોજાનાર છે. જે અંતર્ગત સંઘના વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણીના સંબધમાં મતદાર યાદી પ્રસિધ્ધી અંગેનું જાહેરનામું ચૂંટણી અધિકારી કે.એસ.ગઢવીએ બહાર પાડેલ છે. વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણીમાં તાલુકા દીઠ એક પ્રતિનિધિ, જિલ્લા કક્ષાના ૨ પ્રતિનિધિ અને નાગરિક સહકારી બેન્ક, ક્રેડિટ સોસાયટી અને સભાસદ વિભાગના એક પ્રતિનિધિ મળી કુલ ૧૫ બેઠકોનો સમાવશે થાય છે.

આ અંગે પ્રાથમિક કામચલાઉ મતદાર યાદી ૧ જુલાઈના રોજ મહેસાણા જિલ્લા સહકારી સંઘ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ અને મામલતદારશ્રીની કચેરી મહેસાણા ખાતે પ્રસિધ્ધ કરાઇ છે. જે અંગે દાવા અને વાંધા રજુ કરવા માટે ૬ જુલાઈ સુધીમાં ૧૧-૦૦થી ૧૫-૦૦ કલાક સુધીમાં પ્રાન્ત અધિકારી મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે.

વાંધા અને દાવાનો નિર્ણય ૧૦ જુલાઇના રોજ પ્રાન્ત અધિકારીશ્રીની કચેરી મહેસાણા ખાતે કરાશે. તમામ પ્રક્રિયાઓ પુર્ણ થયા બાદ ૧૨ જુલાઇના રોજ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધી કલેકટર કચેરી, પ્રાન્ત અધિકારીની કચેરી, મહેસાણા જિલ્લા સહકારી સંઘ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ અને મામલતદારશ્રીની કચેરી મહેસાણા ખાતે કરાશે તેમ ચૂંટણી સત્તા અધિકારી મહેસાણા જિલ્લા સહકારી સંઘ અને પ્રાન્ત અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પાલનપુર ખાતે એમ. કે. પરમારનો નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો

પાલનપુર, તા. ૧

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં નાયબ નિયામક તરીકે ફરજ બજાવતાં એમ.કે. પરમાર



વયમર્યાદાના લીધે નિવૃત્ત થતાં આદર્શ નિવાસી શાળા પાલનપુર ખાતે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરના ફોટાને ફુલહાર કરી દીપપ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજ કલ્યાણ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા શાલ, ફુલહાર અને મોમેન્ટો અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. સમાજ કલ્યાણ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ એમ.કે.પરમારની કાર્યશૈલી અને મિલનસાર સ્વભાવની પ્રશંસા કરી તેમને બિરદાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે પરમારે અનુસૂચિત જાતિના લોકોને મદદરૂપ થવા જિલ્લા વહીવટીતંત્ર સાથે સારુ સંકલન જાળવી સરાહનીય ફરજો બજાવી છે.

એમ.કે. પરમારે તેમની સરકારી નોકરી દરમ્યાન મહેસાણા, વડોદરા, ગાંધીનગર અને પાલનપુર ખાતે સરસ કામગીરી કરી કર્મચારીઓમાં આદરભર્યુ સ્થાન મેળવ્યું છે. આ પ્રસંગે તેમના ધર્મપત્ની શ્રીમતી કોકીલાબેન પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ મુકેશભાઈ શ્રીમાળી, સમાજ કલ્યાણ અધિકારી ડી.આઈ. વાઘેલા, અનુ.જાતિ વિકાસ નિગમના મેનેજર બી.જી. ચૌધરી, ભાજપા અનુ.જાતિ મોરચાના પ્રમુખ ભરતભાઈ પરમાર, અગ્રણીઓ સર્વ અશ્વિન સકસેના, ચિમનભાઈ સોલંકી, પ્રહલાદભાઈ પરમાર, ગિરીશભાઈ પરમાર, આદર્શ નિવાસી શાળાના આચાર્ય એન.કે. પટેલ, પ્રોજેકટ ઓફિસર બી.ડી. પરમાર સહિત સમાજ કલ્યાણ કચેરી, આશ્રમ શાળાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રોજેકટ ઓફિસર બી.ડી.પરમારે કર્યુ હતુ.

## ખેડબ્રહ્મા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં કાનૂની શિબિર યોજાઈ

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં એન.એસ.એસ. વિભાગ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ સાબરકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તથા તાલુકા કાનૂની સમિતિ ખેડબ્રહ્માના સૌજન્યથી કાનૂની શિબિર અંતર્ગત એન્ટી રેગીંગ વિશેનો કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમમાં આનંદભાઈ એ. દવે (ફર્સ્ટક્લાસ સિવિલ જજ મેજિસ્ટ્રેટ, ખેડબ્રહ્મા), આર.આર. જાની (સિનિયર એડવોકેટ), વિરલભાઈ વોહરા (સિનિયર એડવોકેટ), દેસાઈ (પીએસઆઈ, ખેડબ્રહ્મા) વગેરે મહાનુભાવો વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.




અરવલ્લી જિલ્લાના મોડાસામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ભવ્ય લોકાર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો. સમગ્ર નગરે બંધ પાળી આવકારવા સભાસ્થળે મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. વરસતા વરસાદમાં લોકોએ ભારે ઉત્સાહ દાખવી કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી હતી. આ કાર્યક્રમમાં મોડાસાની ખુશી ગેસ એજન્સી દ્વારા ગેસ અંગે જાગૃતિ લાવવા અને સાવચેતીના ઉપાયો દર્શાવતા બેનરો તથા લોગો સાથેના સ્ટોલે ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. અને લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ. ખુશી એજન્સીના કર્મચારીઓ પુનમભાઈ તથા રાજુભાઈએ આ અંગે સારી એવી જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગર ખાતે સાબરડેરીની ૫૩મી વાર્ષિક સાધારણ સભા ઉલ્લાસભેર સંપન્ન

હિંમતનગર, તા. ૧

સાબરડેરી, હિંમતનગર ખાતે તા. ૨૯-૬-૨૦૧૭ના રોજ ઓડીટોરીયમ હોલમાં સાબરડેરીની ૫૩મી વાર્ષિક સાધારણ સભા સાબરડેરી તથા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદના ચેરમેન જેઠાભાઈ પી. પટેલના અધ્યક્ષસ્થાને મળી જેમાં વિશાળ સંખ્યામાં દૂધ મંડળીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.

સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલના જણાવ્યા મુજબ સાબરડેરીએ મહત્તમ દૈનિક ૨૫.૨૩ લાખ લીટર વિક્રમજનક દૂધ સંપાદન કરેલ છે. જે ગત વર્ષ કરતાં રોજનુ સરેરાશ દૈનિક ૨.૫૭ લાખ લીટર નવધુ છે. દૂધ સંપાદન કામગીરી એક પણ દિવસ બંધ ન રાખી સંઘની આયોજન સંકલન અને ઉત્તમ કાર્યક્ષમતાનુ ઉદાહરણ પુરૂ પાડેલ છે. સંઘે સરેરાશ દૂધના કિલોફેટ મુજબ રૂ. ૭૦૫ ભાવ ચૂકવેલ છે. જે વિક્રમજનક છે. હજુ પણ ઉત્તમ કાર્યક્ષમતા અને આયોજન થકી સભાસદોને વધુ ભાવ મળે તે માટે સંઘ પ્રયત્નશીલ છે. તેમ તેઓએ જણાવેલ હતુ.

વધુમાં તેઓએ જણાવ્યું કે ડેરીનું ટર્નઓવર રૂ. ૪૨૪૭ કરોડથી પણ વધુ થયેલ છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૭ ટકા જેટલો વધુ થયેલ છે. સંઘની ઈનપુટ સેવાઓ મારફતે વર્ષ દરમ્યાન રૂ. ૩૫૬ લાખ ઉપરાંતની સબસીડી ચુકવી દુધ ઉત્પાદકોને સહાયભૂત થવામાં આવેલ છે. તે ઉપરાંત વિકાસ કૂચ જારી રાખવા અને સંઘની હાલની મેન્યુફેક્ચરીંગ કેપેસીટી વધારવા માટે રૂ. ૯૦ કરોડના ખર્ચે યુ.એચ.ટી. પ્લાન્ટ કે જેમાં ૬ માસ સુધી દૂધ બગડી ન જાય તેવા ૨૦૦ એમ.એલ. તેમજ ૧ લીટરના પેકીંગમાં ટેટ્રાપેકના પેકીંગમાં દૂધ પેક કરી શકાય તેવો પ્લાન્ટ કાર્યરત કરેલ છે. દાણની માંગને પહોંચી વળવા ૧૨૫૦ મે. ટનની ક્ષમતાવાળા પ્લાન્ટથી હવે દૂધ ઉત્પાદકોને દાણ પુરતુ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. છેલ્લા ઘણા સમયથી કાચામાલના ભાવોમાં વધારો થવા છતાં પણ સભાસદોને પરવડે તે હેતુથી સાબરદાણના ભાવોમાં વધારો કરેલ નથી.

કેન્દ્ર સરકારની યોજનાઓ દ્વારા એન.પી.ડી.ડી. તેમજ કોલ્ડ ચેઈન પ્રોજેક્ટ દ્વારા ડેરી પ્લાન્ટની કેપેસીટીમાં ઉમેરો કરવા રૂ. ૨૨.૪૬ કરોડની કેન્દ્રીય સહાય મેળવી આધુનિકરણ કરી સુદઢ માળખુ બનાવી રહ્યા છીએ.

રાજ્ય સરકારની ઓનલાઈન વિવિધ યોજનાઓનો લાભ અપાવવા માટે પણ સંઘ દ્વારા ઘનિષ્ટ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. પશુ સારવાર, ફર્ટીલીટી ઈમ્પ્રૂવમેન્ટ પ્રોગ્રામ તથા ફોડર પ્રોગ્રામ તેમજ અન્ય તાલીમની સેવાઓ દ્વારા પશુપાલકોને પ્રોત્સાહીત કરી દૂધના વ્યવસાયનો વિકાસ થાય તે માટે અમો પ્રતિબદ્ધ છીએ.

વધુમાં તેઓએ જણાવ્યું કે સાબરડેરીના હરીયાણા રોહતક ખાતેના આઈસ્ક્રીમ પ્લાન્ટમાં જુદી જુદી અમૂલ આઈસ્ક્રીમની વેરાઈટી સાથે પંજાબી કુલ્ફીએ સમગ્ર ભારતભરમાં નામના મેળવી છે. હવે રોહતક ખાતેના પ્લાન્ટની ક્ષમતા ૬ લાખથી વધારીને ૧૦ લાખ લીટરની પ્રોસેસીંગ અને પેકીંગ ક્ષમતા કરી રહ્યા છીએ. જેનો લાભ સૌ દૂધ ઉત્પાદકોને ભવિષ્યમાં મળશે.

મેનેજીંગ ડીરેકટર ડૉ. બાબુભાઈ એમ. પટેલે જણાવ્યું કે વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત દૂધ ઉત્પાદકો/ પ્રતિનિધિઓની રૂબરૂમાં ઉલ્લાસભેર સભા સંપન્ન થયેલ છે. સભાસદોએ સંઘના વહીવટ પ્રત્યે સંતોષ વ્યક્ત કરેલ છે. દૂધ ઉત્પાદકોને ભાવ વધારો તાત્કાલીક ચૂકવી દેવામાં આવશે. આભારવિધિ સાબરડેરીના વા. ચેરમેન કાન્તીભાઈ એસ. પટેલે કરી હતી.

## મોડાસા-ધનસુરા ટીચર્સ મંડળીમાં એકતા પેનલનો ભવ્ય વિજય

મોડાસા ધનસુરા તાલુકા ટીચર્સ મંડળીની ચૂંટણીમાં હસમુખભાઈ પટેલની એકતા પેનલના ૮ સભ્યો વિજયી બન્યા હતા. આ ચૂંટણીમાં શિક્ષકોએ મંડળીના ચેરમેનને ભવ્ય બહુમતીથી ચૂંટી તેમના ઉપર ફરીથી વિશ્વાસ મુકી વિજયરથને આગળ વધારવામાં શિક્ષકોનો ખૂબ બહુમૂલ્ય ફાળો રહ્યો છે. અનુ. જાતિની બેઠક ઉપરથી ઉત્કર્ષ મંડળ મોડાસાના ઉપપ્રમુખ અરવિંદભાઈ ડી. પરમારનો વિજય થયો હતો. આમ મોડાસા-ધનસુરા તાલુકાના શિક્ષક મિત્રોએ ફરીથી હસમુખભાઈ પટેલ ઉપર વિશ્વાસ મુકી મંડળીનુ સુકાન તેમના હાથમાં સોંપ્યુ હતુ.



આગામી ૭મી જુલાઈના રોજ રિલીઝ થનાર ગુજરાતી ફિલ્મ રોકટોક-ધ હર્ડલ્સ ઓફ લાઈફના કલાકારો આજે પ્રચાર-પ્રસાર અર્થે મહેસાણાના મહેમાન બન્યા હતા. આ ફિલ્મમાં મુળ મહેસાણા શહેરના ઓડવાડાના વતની મેહુલ ભોજક મુખ્ય હિરોની ભુમીકા ભજવી રહ્યા છે. જ્યારે સૂરતની ભાણી અને લંડનમાં વસવાટ કરનાર નિક્કેશા રંગવાલે હિરોઈન તરીકે કામ કર્યુ છે. આ ગુજરાતી ફિલ્મના ડિરેકટર ભરત સંત તેમજ પ્રોડ્યુસર રમેશ કથિરિયા છે. સંપૂર્ણ નવા જનરેશન સાથે તેમજ અદ્યત્તન ટેકનોલોજીનો ઉપયોગ કરી ફિલ્મનું નિર્માણ કરાયેલ છે. આ ફિલ્મમાં હાઈટેક યુગમાં પ્રવેશી ચુકેલા આપણા સમાજમાં રૂઢીચુસ્તતાના કારણે યુવતીઓને પુર્ણ આઝાદીનો અભાવ અને સંસ્કારો સાથે યુવતીઓને પ્રગતિની ઉડાન ભરવા માટે ઉદાહરણ દર્શાવતા દશ્યો કંડારવામાં આવ્યા છે. આજે મહેસાણાના મહેમાન બનેલા ગુજરાતી પારાવારિક ફિલ્મ રોકટોક-ધ હર્ડલ્સ ઓફ લાઈફની ટીમે આ ફિલ્મ મોટી સંખ્યામાં લોકો નિહાળે તેવો અનુરોધ કર્યો હતો.